| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૨૯/૦૭/૨૦૨૩   શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૧૨૩૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૮૦ લીટર દેશી દારૂ, ૨૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૭૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૮ બીયરટીન, ૨ મોટર સાયકલ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૭ કેસ કરી ૨૭ વ્યક્તિઓની અટકાયત કરી રોકડ રૂપિયા ૮૫,૬૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૧૨૩૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-   સમાચાર યાદી નં.૧૨૪૦/૨૦૨૩

**નારણપુરાઃ** રાજેન્દ્રભાઇ રાવજીભાઇ પટેલ (ઉ.વ.૬૮)(રહે.વિઠ્ઠલભાઇ પટેલ કોલોની, લખુડી તલાવડી સામે, નારણપુરા) એ તા.૨૮/૭/૨૦૨૩ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ડિસેમ્બર/૨૦૧૮ થી તા.૨૭/૭/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી અશ્વિનભાઇ રસીકભાઇ શાહ (રહે, સુમેલ-૧૧ હઠીસિંગ જૈન દેરાસર સામે, નમસ્તે સર્કલ પાસે શાહીબાગ) એ રાજેન્દ્રભાઇને લોન કરાવી આપવાનો વિશ્વાસ આપી, તેમની પાસેથી મકાન અને કંપનીના દસ્તાવેજોની નકલો મેળવી લોન કરાવી આપવા સારૂ ફી પેટે આર.ટી.જી.એસ. મારફતે કુલ રૂપિયા ૨૫,૦૦,૦૦૦/- તેમજ રોકડ રૂપિયા ૧૪,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૯,૦૦,૦૦૦/- મેળવી લઈ, રાજેન્દ્રભાઇને લોન નહિ કરાવી આપી તેમજ લીધેલા રૂપિયા પરત નહિ આપી રાજેન્દ્રભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.વી.પટેલ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૨૪૧/૨૦૨૩**

**વેજલપુરઃ** નસરીનબાનુ વા/ઓ હૈદરઅલી સૈયદ (ઉ.વ.૨૯)(રહે.ઝોયા રેસીડેન્સી ફુઝેલપાર્કની બાજુમા, કેનાલ પાછળ ફતેવાડી) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૭/૨૦૨૩ બપોરના ૪/૦૦ થી તા.૨૬/૦૭/૨૦૨૩ રાતના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરની બારીનો કાચ તોડી, અજાણી વ્યક્તિ ઘરમા પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૨,૭૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એન.વ્યાસ ચલાવે છે.

**સોનાનો દોરો ખેંચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૪૨/૨૦૨૩**

**શાહીબાગઃ** કોકીલાબહેન વા/ઓ ભરતકુમાર શાહ (ઉ.વ.૫૩)(રહે, સૌજન્ય એપાર્ટમેન્ટ, મેટ્રો સ્ટેશન એપરેલ પાર્ક, ખંડુભાઈ દેસાઈ માર્ગ, અનુપમ સિનેમાની બાજુમા, ખોખરા) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૦૭/૨૦૨૩ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે ઘેવર સર્કલ થી ચાલતા ચાલતા અષ્ટમંગલ કોમ્પલેક્ષ તરફ જતા હતા દરમ્યાન રાજસ્થાન હોસ્પિટલના ગેટ નજીક રોડ ઉપર એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ કોકીલાબહેનના ગળામાં પહેરેલ સોનાના પેન્ડલ સાથેનો દોરો કિંમત રૂપિયા ૯૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એન.ચુડાસમા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૨૪૩/૨૦૨૩**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** મોહંમદફારૂક અબ્દુલહક સૈયદ (ઉ.વ.૫૬)(રહે.ગોસપાર્ક ગોલ્ડન કોમ્પલેક્ષ પાછળ વટવા) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૭/૨૦૨૩ બપોરના ૧/૪૫ વાગ્યાના સુમારે નદીના પશ્ચિમ કિનારે એલીસબ્રીજ પાસે રીવરફ્રન્ટ વોક-વે ઘાટ નંબર-૮ નજીક નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઇ મનજીભાઇ ચલાવે છે.

**સાબરમતીઃ** કલ્પેશ ઉર્ફે શ્યામ ટોકારામ મકવાણા(ઉ.વ.૧૪)(રહે.ગાંધીવાસ-૨ રામાપીરની ચાલી સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૭/૨૦૨૩ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કિશોરસિંહ ગુલાબસિંહ ચલાવે છે.

**સરખેજઃ** (૧) યોગેશભાઇ સ/ઓ બળદેવભાઇ ઠાકોર (ઉ.વ.૩૮) અને (૨) પારૂલબહેન વા/ઓ યોગેશભાઇ ઠાકોર (ઉ.વ.૩૫)(બંને રહે.ઠાકોરવાસ લીંબાણી કોમ્પલેક્ષ સામે આંબલીગામ) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૭/૨૦૨૩ બપોરના ૩/૪૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુક સાથે પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી સી.એમ.કણસાગરા ચલાવે છે.

**વેજલપુરઃ** વિજયભાઇ બોધાભાઇ સોલંકી (ઉ.વ.૩૫)(રહે.શિવદર્શન રો-હાઉસ ગીતાબાગ સોસાયટી આગળ વેજલપુર ગામ) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૭/૨૦૨૩ સાંજના ૬/૪૫ થી ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયભાઇ અંબારામભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી